સુરેન્દ્રનગર જિલ્લામાં સાર્વત્રિક મેઘ મહેરઃ ખેડુતો ખુશખુશાલ

જિલ્લામાં ૨૫ કલાકમાં સીઝનનો ૧૧% વરસાદ

અબતક, શબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લી ૨૪ કલાકમાં સાર્વત્રિક મેઘ મેહર સુરેન્દ્રનગર જિલ્લામાં યથાવત થઈ ગઈ છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લી ૨૪ કલાકમાં ચુડા પંથકમાં ચાર ઈંચ જેટલો વરસાદ ખાબકીઓ છે ત્યારે ચોટીલામાં પણ ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસવા પામ્યો છે ત્યારે વાવાઝોડાના કારણે સુરેન્દ્રનગર જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે ત્યારે ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી સુરેન્દ્રનગર જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી હતી આગાહીના પગલે સુરેન્દ્રનગર જિલ્લાના વાતાવરણમાં કાલે સવારથી પલટો આવ્યો છે.

ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં વાતાવરણમાં પલટો આવતા જિલ્લામાં તમામ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે ત્યારે સાર્વત્રિક વરસાદના કારણે જગતનો તાત ખેડૂત ખુશ થઈ ગયું છે વાવણી લાયક વરસાદના કારણે સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોમાં ખુશીની લહેર દોડી ઉઠી છે પરંતુ ભારે પવન અને વરસાદના કારણે ખેતીવાડી વિસ્તારમાં આવેલા વીજ પોલ ધારાશાહી બન્યા હોય અને મોટા વૃક્ષો ધારાશાહી બન્યા હોય તથા શોર્ટ સર્કિટના બનાવો જિલ્લામાં વધ્યા છે ત્યારે વરસાદી વાતાવરણ વચ્ચે કોઈ મોટી જાનહાની સુરેન્દ્રનગર જિલ્લામાં સર્જાઈ નથી.

અત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લી ૨૪ કલાકમાં ભારે વરસાદ પડ્યો છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા પંથકમાં ચાર ઈંચ જેટલો વરસાદ ખાબકીઓ છે આ ઉપરાંત ચોટીલામાં પણ ત્રણ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે આ ઉપરાંત વઢવાણમાં બે ઈંચ લખતરમાં પણ બે એક તથા લીંબડીમાં એક ઈંચ થાનગઢમાં એક ઈંચ મુળીમાં એક ઈંચ લખતરમાં એક ઈંચ દસાડામાં અને ધાંગધ્રામાં પણ એક એક ઈંચ વરસાદ ખાબક્યો છે. ત્યારે સાર્વત્રિક વરસાદના કારણે જળાશયોમાં પણ નવા નિર ની આવક શરૂ થઈ ગઈ છે.

વરસાદના પગલે સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે વન્ય જીવો એ પણ ઠંડકનો અહેસાસ કર્યો છે ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લામાં ભારે ગરમીના કારણે પશુધન તેમજ જનજીવન ઉપર ભારે અસર પડી હતી ત્યારે વાવાઝોડાના કારણે જે વરસાદ ખાબક્યો છે જેને લઈને સુરેન્દ્રનગર જિલ્લાનું વાતાવરણ હાલમાં ઠંડુ બોર થઈ ગયું છે તમામ તાલુકાઓમાં વરસાદ ખાબકતા વાવણી લાયક વરસાદ આ ગણવામાં આવી રહ્યો છે ખેડૂતોના જે મોંઘા બિયારણો હતા તે બચી ગયા છે અને બિયારણને પણ જીવંત દાન મળ્યું છે.

મોલાતને મળ્યું જીવંત-દાનઃ ખેડૂતોમાં ખુશીની લહેર દોડી ઉઠી

સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લી ૨૪ કલાકમાં સાર્વત્રિક મેઘ મહેર ના પગલે મુલાતને જીવનદાન મળ્યું છે ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લામાં સરેરાશ ૨ ઈંચ કરતા વધુ વરસાદ તમામ તાલુકાઓમાં પડ્યો છે ત્યારે વરસાદ ના પગલે જિલ્લા માં વાવેતર ને ફાયદો થયો છે.ત્યારે કપાસ જાર એરંડા સહિત ના પાકો ના વાવેતર ને ફાયદો થયો છે.ત્યારે મોંઘા બિયારણ ના વાવેતર કરવા માં આવ્યું હતું.તે બચી ગયું છે. ત્યારે સાર્વત્રિક વરસાદના કારણે ખેડૂતોમાં પણ ખુશીની લહેર દોડી છે ત્યારે અનેક સ્થળો ઉપર જમીન ધોવાણ અને વૃક્ષો ફરવાના બનાવો પણ સામે આવ્યા છે જોકે પાકોને અને વાવેતર ને ફાયદો થયો છે જેને લઈને ખેડૂતો ખુશ થઈ ગયા છે.

જામકંડોરણા-ગોંડલ હાઈવે પરના ડાયવર્ઝન પર પાણી ફરી વળતા રસ્તો બંધ !

ફોફળ નદીમાં નવા નીરની આવક શરૂ

અબતક, ભોલાભાઈ સોલંકી, ધોરાજી

ધોરાજી જામકંડોરણાથી ગોંડલ જવા માટે આવેલ રોડ પર ફોફળ નદી પર આવેલ પુલ ગયા વર્ષે ભારે પાણીમાં તૂટી ગયેલ હતો અને નવો પુલ બનાવાની કામગીરીમાં ડાયવર્ઝન બનાવેલ હતું અને ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ફોફણ નદીમાં પૂર આવતા તંત્ર દ્વારા ડાયવર્ઝન વાળો રસ્તો બંધ કરાયો છે અને જામકંડોરણાથી ધોરીઘાટ, સાજળીયાળી સહિતના ગ્રામ્ય વિસ્તારના લોકોને તકલીફ પડે છે. બાદમાં પૂરના પાણી ઓછા થતા રસ્તો રીપેરીંગ કરી ફરી કાર્યરત કરાશે. જ્યારે ધોરાજી જામકંડોરણાને પીવાનું પાણી પુરૂં પાડતા ફોફળ ડેમમાં ૨ ફૂટ કરતા વધારે નવા નીર આવ્યા હતા. ફોફળ ડેમની હાલની કુલ સપાટી ૯ ફૂટ થઈ ગયેલ છે.

ચુડાના જોરવરપરામાં ૧૫ દિવસથી પાણીનું વિતરણ નહીં થતાં હાલાકી

મહિલાઓ બેડાં ઉપાડવા સાથે કૂવા કે બોરમાંથી પાણી ભરવા મજબૂર

અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર

ચુડા શહેરના જોરવરપરા વિસ્તારમાં છેલ્લા એક બે મહિનાથી પાણીની સમસ્યા વિકટ બની ગઈ છે. આ અંગે જોરવરપરા વિસ્તારમાં રહેતા સંજયભાઈ ક્ટુડીયાએ જણાવ્યું હતું કે, સમ્પમાં પુરતા પ્રમાણમાં પાણી આવતું હોવા છતાં લોકોને પાણી માટે ફાંફા મારવા પડે છે. પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. સમ્પમાં રોજ હજારો લિટર પાણીનો વેડફાટ થાય છે પરંતુ અમારા વિસ્તારમાં ૧૫ દિવસથી પાણી અપાતું નથી. અમુક વિસ્તારોમાં ૧૦ દિવસમાં બે વખત પાણી વિતરણ કરાય છે અમારી સાથે ઓરમાયું વર્તન કરવામાં આવે છે. પાણી માટે લોકોને વલખાં મારવાનો વારો આવ્યો છે. નછૂટકે લોકોને સમ્પ, કુવા, બોરમાં પાણી ભરવા જવું પડે છે. સાથે વેચાતું પાણી લેવા માટે લોકો મજબૂર બની ગયા છે. મહિલાઓને પાણી માટે બેડા ઉપાડવાનો વારો આવ્યો છે. પાણીના પ્રશ્નનો કાયમી ઉકેલ કરવામાં આવે તેવી માંગ હતી.

દ્વારકાધીશ-સોમનાથ મહાદેવના દ્વાર ખૂલ્લાઃ સરસ્વતીના ધામ હજી બંધ

અમરેલી અને ગીર સોમનાથ જિલ્લા સિવાય સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓમાં સતત ચોથા દિવસે શૈક્ષણીક કાર્ય બંધ

અબતક,રાજકોટ

ભારે વરસાદ અને પવનનાકારણે આજે સતત ચોથા દિવસે સૌરાષ્ટ્રના અમરેલીઅને ગીર સોમનાથ જિલ્લા સિવાયના તમામ જિલ્લામાં શાળા કોલેજો બંધ રાખવામાં આવી છે.જયારે દ્વારકાધીશ અને સોમનાથ મહાદેવ સહિતના સૌરાષ્ટ્રના મુખ્ય મંદિરોના દ્વાર ભકતો માટે ખૂલ્લી ગયા છે. માર્કેટીંગ યાર્ડ પણ બંધ છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં બિપરજોય વાવાઝોડું ત્રાટકવાનું હોય તકેદારીના ભાગરૂપ અલગ અલગ જિલ્લામાં કલેકટર દ્વારા બૂધવાર અને ગુરૂવારે શૈક્ષણીક કાર્ય બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. દરમિયાન ગૂરૂવારે રાત્રે વાવાઝોડું ત્રાટકયું હતુ. જેના કારણે ગઈકાલે શુકવારે પણ શાળા-કોલેજો બંધ રાખવાની ઘોષણા કરવામાં આવી હતી દરમિયાન ગઈકાલે આખો દિવસ સતત વરસાદ ચાલુ રહેવાના કારણે ગઈકાલે મોડી સાંજે રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા એવી જાહેરાત કરવામાં આવી હતી કે આજે શનિવારે પણ શાળા-કોલેજો બંધ રહેશે. આજે અમરેલી અને ગીર સોમનાથ જિલ્લા સિવાય સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં શૈક્ષણીક કાર્ય બંધ રાખવામાં આવ્યું છે.આવતીકાલે રવિવારની રજા છે હવે સોમવારથી શૈક્ષણીક કાર્ય શરૂ થશે. પાંચ દિવસનું મિનિ વેકેશન રહ્યું છે.

આજે સવારથી સર્વત્ર મેઘવિરામ જેવો માહોલ છે. દ્વારકાધીશ મંદિર અને સોમનાથ મંદિરના દ્વાર ભાવિકો માટે ખોલી દેવામાં આવ્યા છે. દ્વારકામાં આજથી ધ્વજા રોહણ પણ નિયમિત કરી દેવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના મોટાભાગના તીર્થધામો આજથી ફરી શરૂ થઈ ગયા છે. બીજી તરફ રાજકોટ સહિત સૌરાષ્ટ્રના મોટાભાગના માર્કેટીંગ યાર્ડ બંધ છે.

ઉપલેટાના મોજ ડેમમાં ૬ ફુટ નવા નીરની આવક

અબતક, કીરીટ રાણપરીયા ઉપલેટા

બિયરજોય વાવાઝોડાને પગલે મોજ ડેમના શ્વાત વિસ્તારમાં ભારે વરસાદ પડવાને કારણે ઉપલેટાને પીવાનું પાણી પુરુ પાડતો મોજ ડેમમાં છ ફુટ નવું પાણી આવતા ડેમન સપાટીમાં નોંધ પાત્ર વધારો થયો હતો હાલ ડેમ ૩૨ ફુટની સપાટીએ પહોંચી છે ઓવર ફલો થવામાં ૧૨ ફુટ બાકી છે ડેમની કુલ સપાટી ૪૪ ફુટ છે.

ચોટીલાઃ વાવણીલાયક વરસતા ખેડૂતો ખુશખુશાલ

અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા

શુકવારના રોજ ચોટીલા સવારથી જ ધીમી ધારે વરસાદ વરસતો હતો ત્યારે સાંજના સમયે એકહી સાથે ધોધમાર વરસાદ ખાબક્યો વરસતાં વરસાદમાં લોકોએ પણ ગરમી વચ્ચે ઠંડક મેળવવા માટે વરસાદ ની મજા માણી હતી.તેમજ હાઈવે રોડ ઉપર પર વરસાદ ના કારણે વાહનનો પણ થંભી ગયા હતા. તે ઉપરાંત વાવણીલાયક વરસાદ વરસ્યો હોવાથી ખેડૂતો પણ ખુશ ખુશાલ થઈ ગયાં હતાં.

ચોટીલાઃ ભારે વરસાદમાં કામગીરી બદલ પીજીવીસીએલની ટીમને સલામ

અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા

ચોટીલામાં મેઈન બજાર પાસે ધોધમાર વરસાદ અને અતિ ઝડપી પવન વચ્ચે ઈલેક્ટ્રિક ના થાંભલા માં શોર્ટ સર્કિટ થતાં ડઝ્ટ્ઈક ચોટીલાની ટીમ તાત્કાલિક પહોંચી મૂશળધાર વરસાદ વચ્ચે પણ પોતાની ફરજ અદા કરી હતી. ત્યારે ગુજરાત પ્રદેશ યુવા ભાજપના મંત્રી જયભાઈ શાહએ કામગીરીમાં સામેલ પુરી ટીમનું સ્થળ પર જ સાલ ઓઢાડીને સન્માન કરીને અભિનંદન પાઠવ્યા હતા.

ઈડર અને વડાલીમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો

અબતક, સંજય દિક્ષીત,ઈડર

બીપરજોય વાવાઝોડાની અસરને પગલે સાબરકાંઠા જિલ્લાનાં અનેક તાલુકામાં વરસાદી માહોલ જામ્યો હતો ત્યારે હિંમતનગર સહિત ઈડર અને વડાલી તાલુકાના ગ્રામ્ય પંથકમાં વહેલી સવારે વરસાદની ધમાકેદાર એન્ટ્રી થતાં સુસવાટા ભેર પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી જ્યારે બપોર બાદ ભારે ઉકળાટની વચ્ચે ફરી વરસાદી માહોલ જામ્યો હતો જ્યારે વાત કરીએ ઈડરની તો ઈડરના બજારોમાં અને રસ્તાઓ પર વરસાદી પાણી ફરી વળ્યા હતા જ્યારે ઈડરિયો ગઢ વાદળોમાં છૂપાયો હોય તેવા આહલાદક દ્રશ્યો જોવા મળ્યા હતા આ સાથે સાંજના સમયે ફરી એકવાર ભારે પવન સાથે વરસાદ પડતાં અનેક વિસ્તારોમાં વીજળી ગુલ થયાના સમાચાર મળ્યા હતા પરંતુ મહત્વની વાતતો એ છેકે અત્યાર સુધી જીલ્લામાં કોઈ મોટી જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી.

ઉપલેટાઃ કાચા સોનાની જેમ વરસાદ વરસ્યો ખેડુતોમાં ખુશીની લહેરઃ વાવણીની તૈયારીઓ

ભારે પવન અને વરસાદને કારણે ૨૦ વૃક્ષો, ૧૦ વિજ પોલ ધરાશાયી થયા કોઈ અનિચ્છીય બનાવ નહીં

અબતક, કીરીટ રાણપરીયા ઉપલેટા

છેલ્લા ચાર દિવસ દરમ્યાન સરકારી તંત્રથી લઈ આમ જનતા બિપરજોય વાવાઝોડાને પગલે ભારે મુંઝવણ અનુભવી રહ્યા હતા. તેમાં ગઈકાલ સાંજથી સુખદ અંત આવતા વહીવટી તંત્ર અને જનતાએ સહિતના શ્વાસ લીધા હતા બિપર જોય વાવાઝોડાને કારણે ખેડુતો માટે મોટો ફાયદો થયો છે. ચાર દિવસમાં કાચા સોનાની જેમ વરસાદ વરસતા ખેડુતો વાવણીની તૈયારી આરંભી રહ્યા છે.

ઉપલેટા પંથકમાં બિપયજોય વાવાઝોડાને કારણે સૌથી વધુ અસર પીજીવીસીએલ ને થયું છે. તેઓને સંખ્યાબંધ વિજ ગુલ થઈ જવાની ફરીયાદ મળી હતી અને ૧૦ જેટલા વિજ પોલ પડી જવાથી વિજ કર્મીઓને ભારે કસરત કરવી પડી જ્યારે શહેરી વિસ્તારમાં વીશ જેટલા વૃક્ષો પડી જવાના બનાવો બન્યા હતા. તેમાં કોઈ જગ્યાએ જાનહાની કે નુકશાની થવા પામી ન હતો.

ઉપલેટા પંથકમાં બિપરજોય વાવાઝોડાને કારણે ધીમી ધારે કાચા સોના સમાન આઠ ઈંચ વરસાદ નોંધાતા ખેડુતોને ભારે ફાયદો થયો છે ખેડુતો પણ બે દિવસમાં વાવણીની તૈયારી કરશે સારા વરસાદને કારણે વાવેલા પાકને પણ ફાયદા કારક રહેશે.

ગત રાત્રે વાવાઝોડાની અસર ઓછી થતાં વિવિધ વિભાગના સરકારી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો જ્યારે ઉપલેટા, ભાયાવદર, પડવલા, ખીરસારા, સમઢીયાળા સહિત ગામોમાં આશ્રય સ્થાનોમાં રાખવામાં આવેલા લોકો પણ સ્વૈચ્છાએ પોતાના ઘરો તરફ પ્રયાણ કર્યુ હતું.

અર્ધા શહેરને આજે પાણી નહિ મળે

ગલકાલે વિજ પોલ ધરાશાય થવાને કારણે મોજ અને વેણુ ડેમ ઉપર વિજ પુરવઠા નહિ મળવાથી શહેરના જીરાચા પ્લોટ, અર્જુનનગર, મોહતનગર સતત અર્ધા શહેરને આજે પાણી વિતરણ નગરપાલિકા દ્વારા કરવામાં નહિ આવે

એલઅૅન્ડટી ફાઇનાન્સ લિમિટેડ
નોંધણીકૃત કાર્યાલયઃ 15મો માળ, પી એસ કોમ્પ્લેક્સ 236 પાર્ક, પ્લોટ નં. 62, બ્લોક કોમ્પ્લેક્સ, સેક્ટર V, સોલ્ટ લેક સિટી, કોલકાતા 700 091, જિલ્લો 24-પરગણા નોર્થ.
CIN No.: U65910WB1993PLC060810
શાખાનું કાર્યાલયઃ રાજકોટ

L&T Finance

મોર્ગેજ થયેલી સંપત્તિના વેચાણ માટે જાહેર હરાજી

એલ એન્ડ ટી ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 2002ની 54 હેઠળ અને આ એક્ટ હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને તેના બાકી નાણાં અને આગળ વધી રહેલા વ્યાજ, ચાર્જીસ અને ખર્ચાઓ વસૂલવા કરવા માટે 'જાહેર હરાજી'ના માધ્યમથી અહીં નીચે જણાવેલી સંપત્તિની 'જે છે જ્યાં છે' અને 'જે જેવી સ્થિતિમાં છે'ના આધારે ઈ-હરાજી કરી રહ્યાં છે.

મૂળ ઋણધારકનાં નામ	સંકલિત મિલકતનું સરનામું	લોન એકાઉન્ટ નંબર(રો)	માંગણા લીધેલો દાવો	બાકીની રકમ 10% અનામત અનામત કિંમતથી વધુ (રૂમાં)	13.06.2023ના રોજ મુજબ બાકી લેણા	અનામત કિંમત (રૂમાં)	નિરીક્ષણની તારીખ	હરાજીની તારીખ અને સમય
1. જગદીશ દેવીદાસ પાનવાલી (મૃત્યુ પામેલ ઋણધારકો શ્રી દેવીદાસ શંભુભાઇ સોલંકીના કાયદેસરના વારસદાર તેમજ સહ-ઋણધારકો) 2. અર્જુનભાઈ શંભુભાઇ સોલંકી (મૃત્યુ પામેલા ઋણધારકો શ્રી દેવીદાસ શંભુભાઇ સોલંકીના કાયદેસરના વારસદાર તેમજ સહ-ઋણધારકો) 3. જુના વાર્ડ	સંપત્તિનું સરનામું: પેટા પ્લોટ નં. 11/4, સર્વે નં. 576 અને 577 (પી), સિટી સર્વે વોર્ડ નં.-18, શિવ ગ્રીન્સ, હંસરાજ નગર, સિટી સર્વે નં. 1274(પી), એસટી નં. 6, વર્ધ સિટિનની સામે, રેલવે સ્ટેશન રોડ પર, શિવાલિક પાનની નજીક, રાજકોટ, ગુજરાત. સીમાઓ: પૂર્વે 20 ફુટનો રોડ; પશ્ચિમે પેટા પ્લોટ નં. 1115; ઉત્તરે અન્ય સંપત્તિઓ; દક્ષિણે પેટા પ્લોટ નં. 1113	RJ0HL17000127,RJ0HL17000210	5 જૂન, 2023	રૂ. 3,14,483.80/-	રૂ. 67,85,406.08/-	રૂ. 31,44,838/-	12-07-2023	19-07-2023

જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ-હરાજી વેચાણ એટલે અને જાહેર ઈ-હરાજી માધ્યમ દ્વારા સરફેસી એક્ટની જોગવાઈને હેઠળ વેબસાઈટ https://sarfaesi.E-auctiontiger.net દ્વારા અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન કરવે યોજાઈ રહ્યું છે.
2. જાહેર ઈ-હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે કરવે યોજાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંકલિત અરક્ષણત "જે છે જ્યાં છે ધોરણે" અને "જે છે જે સ્થિતિમાં છે" ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ-હરાજી લાગ લેવા માટે ઇચ્છુક બોલીદાર/ બિડરોએ **17/07/2023**ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, રૂપાંકિત ડિક્લરમાં બોર્ડની ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંકલિત અરક્ષણમાંની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાકાની રકમની ચુકવણીની વિગતો સુપ્રત કરવાની રહેશે.
4. જાહેર ઈ-હરાજીમાં સફળ નહીં બિડર બધા અન્ય બિડરોની બાકાની રકમ એલટીએમએનએફ દ્વારા જાહેર ઈ-હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરશે. બાકાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ બીડર /બિડરે તેની /તેમની બોલીના 25% (બાકાની રકમનો સમાવેશ) ડી.ડી. /પે.ઓ.ના રૂપમાં "એલઅૅન્ડટી ફાઇનાન્સ લિમિટેડ"ને લાગે મુંબઈ ખાતે **19/07/2023**ના રોજ 18.00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ-ઇતલીલ દિવસે અથવા અગાઉની કામકાજના દિવસ, એટલે કે, **20/07/2023**ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલઅૅન્ડટી ફાઇનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ગણવામાં આવશે અને કલિત સફળ બિડરની બાકાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, બાકીની કિંમતના 75 % બાકીદાર દ્વારા એલઅૅન્ડટી ફાઇનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કરારની જોગવાઈ/અનુસાર અથવા નિયત નિયત સમયગાળામાં બાકીદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ કે વધુ માહિતી માટે હરાજીમાં સંભવિત બોલી કરનારાઓએ અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે, **'જેનું નામ છે - વિભુષ પટેલ, એલ એન્ડ ટી ફાઇનાન્સ લિ., ઓડિશા છઠ્ઠો માળ, બિનાયક બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કલિંગ, સીમેસ્ટી રોડ, મસ્જિદ બોમ્બેની પાસે, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ - 400 098 અને મોબાઈલ નંબર, સંપર્ક નં. 8668943242, એલ એન્ડ ટી ફાઇનાન્સ લિ., ઓડિશા છઠ્ઠો માળ, બિનાયક બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કલિંગ, સીમેસ્ટી રોડ, મસ્જિદ બોમ્બેની પાસે, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ - 400 098'.** ઈ-હરાજીના કોઈપણ તબક્કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યાં વગર અને અગાઉની કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર બોલી/બોલવાને સ્થગિત કરી/બંધ કરી/મુલતવી-પાછી/રદ કરી શકે છે અથવા તો તેની પછી હેતી શકે છે.
7. સફળ બીડર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કબ્જેદાર કરવું/તેના/તેઓ/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું અવશ્ય કોઈ પણ કાનૂની લેવાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ખરીદાર/વેચાણે, જેણે કલિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ-હરાજી વેચાણના કોઈપણ નિયમ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8(6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ખરીદાર(રો)/સહ-ખરીદાર(રો)/વેચાણ(રો)/બિડરે મૂકાયા(રો)ને અને કલિત ઈ-હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આવી લેખનાં બાકી લેણાં ચૂકવી દેવા અને અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલએમટી ફાઇનાન્સ એસએમએનએફએસએનએફ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈને અનુસાર મિલકત વેચી નાખશે.
10. ખરીદાર(રો)/સહ-ખરીદાર(રો)/વેચાણ(રો)/બિડરે મૂકાયા(રો)/જાહેર જનતાએએલઅૅન્ડટી ફાઇનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંકલિત અરક્ષણનો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

તારીખઃ 17.06.2023
સ્થળઃ રાજકોટ

સહી/-
અધિકૃત અધિકારી
એલઅૅન્ડટી ફાઇનાન્સ લિમિટેડ વતી